શ્રી વિજય.

પ્રતિજ્ઞા નાટકનાં ગાયનો.

લેખક, જયન્તીલાલ માણેકલાલ મહેતા,

અમદાવાદ.

પ્રકાશક, ઘેલાભાઈ દોલતરામ

એજન્ટસ શ્રી દેશી નાટક કંપની લીમીટેડ-અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૧. સને ૧૯૧૪.

અમદાવાદ

ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કિંમત ૦-૨-૦ (બે આના.)

-:સૂચના:-

આ નાટક તૈયાર કરવામાં મારા સ્નેહી કવિ રણછોડલાલ મહાસુખરામ ત્રિવેદીએ મદદ કરી છે, માટે તેમનો ઉપકાર માનું છું.

લી.

ઘેલાભાઇ દોલતરામ દલાલ.

એજન્ટ-શ્રી દેશી નાટક કંપની લીમીટેડ.

મુખ્ય પાત્રોનાં નામ.

અબધુત............સત્યપુરનો ગાદી વારસ કુમાર વીરકેતુ.

વિજયસિંહ........વિજયગઢનો રાજા—વીરલતાનો પિતા.

જાલિમસિંહ....... સત્યપુરની ગાદી પચાવી પડેલ નીચ ખવાસ વીરલતાનો ઉમેદવાર.

શેરખાં.............લુંટારાનો સરદાર—જાલિમનો મદદગાર.

વીરલતા...........વિજયસિંહની પુત્રી—અબધુતની થનાર પત્નિ.

વર્ણુશંકરદાસ......સુધારા અને ફેશનની ફીશીયારીમાં ડુબેલ બુઢ્ઢો ચપળાનો ઉમેદવાર આશક.

ભેંસાસુર............વર્ણુશંકરનો નોકર અરવીંદાનો આશક.

રમણીક.............વર્ણુશંકરની પ્હેલી બૈરીનો છોકરો. ચપળાનો થનાર ધણી.

ભાજીપાલા.........ચપળાનો પિતા—દાંભીક સુધારક.

અરવીંદા...........વર્ણુશંકરની નવી બૈરી—ભેંસાસુરની દીલદાર.

ચપળા.............વર્ણુશંકરની લીલામની લલીતા. રમણીકની પ્રિયતમા.

બ્રાહ્મણ, લુંટારાઓ, ઉમેદવારો, રાજ્યગોર, સાહેલીઓ વીગેરે વીગેરે.

સ્થળ—સત્યપુર, વિજયગઢ અને પાસેનાં જંગલો.

॥ શ્રી શાન્તિનાથાય નમઃ ॥

શ્રી વિજય પ્રતિજ્ઞા નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

સૂત્રધાર-નટી— મંગલાચરણ.

પ્રવેશ ૧—સત્યપુરના મહારાજાનો કુમાર વીરકેતુ અબધુત રૂપ ધરી પોતાના માત પિતાના ખુનીને શોધી તેના ખુનથી વૈરનું તર્પણ કરવા માતાપિતાની સમાધી આગળ સમશેરના સોગન ખાઇ ભિષ્મ પ્રતિજ્ઞા કરે છે. એક બ્રાહ્મણનું ટેલ નાંખતા નીકળવું. નજીકના જંગલના લુંટારાઓનું બ્રાહ્મણને લુંટવું. અબધુતથી બચાવ. લુંટારા સાથે જંગ અબધુત કેદ—ટેબ્લો.

પ્રવેશ ૨—લુંટારાનો સરદાર અને ખુની જાલીમસીંહનો મદદગાર શેરખાં—જાલીમની વર્તણુકથી નારાજ થઇ વૈરની ધુનના વિચારમાં, જાલીમનું મળવા આવવું. બન્નેની મસલત. વિજયગઢના મહારાજા વિજયસીંહનું ખુન કરવા બદલ રાજ્યના ચોથા હીસ્સાના માલીકનો દસ્તાવેજ કરી આપી જાલીમનું જવું. કેદી અબધુતને હાજર કરવો. અબધુત અને શેરખાંનો વાદ-વિવાદ. અબધુતને મિત્ર તરીકે મેળવી સત્યપુરના નવા થએલા રાજા ખુની જાલીમની ભવિષ્યમાં થનાર રાણી તે વિજયસીંહની કુંવરી વીરલતાના ખુન સારૂ શેરખાંની ઉશ્કેરણી. પોતાના માતા-પિતાના ખુનીનો પત્તો મળવાથી અબધુતનો આનંદ.

પ્રવેશ ૩—સુધારાના આગેવાન મી. વર્ણુશંકરના નોકર મી. ભેંસાસુર ભડકનો નોકરી માટે બળાપો. વર્ણુશંકરનું આવવું. ન્યુસ

પેપર વાંચી એક સુધરેલી કન્યાના થતા જાહેર લીલામમાં ઉમેદવાર તરીકે જવા તૈયારી. સામેથી સુધારામાં તણાતી તેમની નવી સ્ત્રી અરવીંદાનું આવવું. અરવીંદાનો પતિ પ્રત્યે તિરસ્કાર. વર્ણુશંકરનું લીલામમાં જવું. બંને સાસુર તથા અરવીંદાનો પ્રેમ, ડેન્સની તાલીમ.

પ્રવેશ ૪—વિજયગઢમાં અબધુત. 'લુંટારાને પકડી રજુ કરનારને ઇનામ મળશે.' એવો વિજયસીંહનો ઢંઢેરો. શેરખાંનું આવવું, ઢંઢેરા સંબંધી ચર્ચા. બન્નેનું રાજા અને કુંવરીના ખુન માટે જવું.

પ્રવેશ ૫—રાજબાગ. કુંવરી વીરલતાનો સાહેલીઓ સાથે હાસ્યવિનોદ. વિજયસીંહનું આવવું. "લુંટારાને પકડનાર ઉમેદવાર સંબંધી પુછપરછ. અબધુતનું હાજર થવું અને બીકું ઝડપવું. અબધુતની ધૈર્યતા અને વીરતાથી વિજયસીંહનું પ્રસન્ન થઇ આશીર્વાદ આપી જવું. કુંવરીનું આવવું. અબધુતથી મેળાપ. પ્રથમ પ્રેમદર્શન.

પ્રવેશ ૬—કન્યાનું જાહેર લીલામ કરનાર મી. બાજીપાલાની કન્યા ચપળાનો સુધારામાં વહી જતા પોતાના પિતા માટે બળાપો. ચપળાના પ્રેમી મી. વર્ણુશંકરના દીકરા રમણીકનું આવવું. બન્નેનો પોતપોતાના પીતાની ચાલ માટે અણગમો. છેવટે રમણીકની ચપળા સાટે પોતે પરણવા તૈયારી. મી. બાજીપાલાના લીલામની તૈયારી. ઉમેદવારોનું આવવું. જાહેર હરાજી. ચઢઉતરમાં દશ હજાર રૂપીઆ આપી મી. વર્ણુશંકરદાસે ચપળાને ખરીદવી. વરઘોડો. બાપ બેટાનાં લગ્ન.

પ્રવેશ ૭—નિંદ્રાભવન-નિંદ્રાધીન રાજા અને કુંવરી. અબધુતનું દાખલ થવું. શેરખાંની અબધુતને ઉશ્કેરણી. સ્ત્રીહત્યા કરવા

ચોખ્ખી ના. બન્નેનું વૈરમાં ઉશ્કેરાવું. અબધુતનું વીરકેતુના રૂપમાં ખુલ્લા પડવું. શેરખાંનું ગભરાવું. નાશી જવા વિચાર. બન્ને વચ્ચે યુદ્ધ. યુદ્ધમાં શેરખાંનો ઘાત. રાજા અને કુંવરીનું જાગી જવું. ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧—દરબાર—નાચ—રાજા અને કુંવરીને બચાવનાર અબધુતનો વિજયસીંહથી સત્કાર. મહારાજાના ભવિષ્યમાં થનાર જમાઇ જાલીમસિંહનું આવવું. વિજયસિંહ મારફત પરસ્પર ઓળખાણ અબધુતની જ્યોતીષ્ય વિદ્યાના એક કુશળ જ્ઞાતા તરીકે. હાલ તુરત લગ્ન મુલતવી રાખવાની મહારાજાને સલાહ. જાલમ અને અબધુત વચ્ચે વાદવિવાદ. મહારાજાનું વચ્ચે પડવું. ટેબ્લો.

પ્રવેશ ૨—અબધુતના પ્રેમમાં નિમગ્ન કુંવરી વીરલતા, અબધુતનું ભવિષ્યવેત્તા તરીકે આવવું. ખુલ્લા પડવું. બન્નેનો દીવ્ય સ્નેહ. અબધુતે પોતાનું વૃત્તાંત જણાવવું અને લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા જાલમની પાછળ જવું. કુંવરીનો આશીર્વાદ.

પ્રવેશ ૩—અરવિન્દાના પ્રેમમાં ગુલતાન બનેલો ભેંસાસુર. શેઠના દીકરા રમણીકને તેના પ્રેમની ગણેસણે ખબર પડી છે એવી શંકા ધારી શેઠના ઘરમાંથી હાથ મારી અરવિન્દા સાથે નાસી જવાના વિચારમાં, અરવિન્દાનું આવવું. શેઠ નવી પરણી લાવ્યા છે કહી અરવિન્દાને ઉશ્કેરી નાસી જવા ઠરાવ. બન્નેનું તૈયારી કરવા જવું, રમણીકનો પોતાના બાપ તથા નવી માટે બળાપો કરતા નીકળવું. ચપળા અને રમણીકનો પ્રેમ. વર્ણુંશંકરને આવતો જોઇ પોતે (રમણીક) ચપળાનો સ્વાંગ પ્હેરવા જવું. વર્ણુંશંકરનો રમણીકને ચપળા ધારી પ્રેમ કરવો.

રમણીકનું બાપને પ્રેમમાં લટ્ટુ બનાવી બનાવવું. અવાજ આવ-વાથી વર્ણુશંકરનું તપાસ સારૂ અંદર જવું. ભેંસાસુરનું આવવું. અને ચપળાને અરવિન્દા ધારી પ્રેમ કરવા જવું. ચપળા (રમ-ણીક)નું ભેંસાસુરને બનાવી નચાવવો ત્યાં ખરી અરવિન્દાનું આવવું. ભેંસાસુરને ચપળા સાથે પ્રેમ કરતો જોઇ ગમગીન. વર્ણુશંકરનું આવવું અને ભુલ ભુલામણીનો ગોટાળો જોઈ અજબ થવું. ટેબ્લો.

પ્રવેશ ૪—દેવીનું મંદીર. બારવટીઆઓની ગમ્મત. સરદાર શેરખાંની કુંવરીનું ખુન કરી શીર લઈ આવવાની રાહ જોવી. જાલીમ-સિંહનું આવવું. કુંવરીને બદલે શેરખાંના ખૂનની ખબર આપવી. ખુની તરીકે અબધુતને ઓળખાવવો. બારવટીઆઓને ઉશ્કે-રવા, અને અબધુત સાથે જો વિજયસિંહનું ખુન થાય તો રાજ્યનો ચોથો હીસ્સો આપવાની કબુલાત આપી જાલીમનું જવું. ખુનીને પકડવા તલપાપડ. અબધુતનું આવવું; બારવટીઆ સમક્ષ શેરખાંના ખુની તરીકે પ્રગટ થવું. અન્યોઅન્ય લઢાઇ અને બારવટીઆની કતલ. દસ્તાવેજ અબધુતના હાથમાં આવવો; અને વિજયસિંહની વ્હારે જવું.

પ્રવેશ ૫—ભોળા રાજા વિજયસિંહને ભંભેરી જાલમસિંહની ભવિ-ષ્ય વાણી ભુલાવી કુંવરી સાથે લગ્ન કરવાની યુક્તિઓ અબ-ધુતપર અણગમો ઉત્પન્ન કરાવવો. કુંવરીનું આવવું. વિજયસિંહનું કુંવરીને જાલમ સાથે પરણવા સમજાવવું. કુંવરીની ના. વાદ-વિવાદ. રાજાનું દબાણ. અબધુતનું લુંટારાના શીર સાથે હાજર થવું. યોગીના રૂપમાં કરેલા ખુનથી વ્હેમાઇ અબધુતપર ક્રોધ. જાલમસિંહનું બળતામાં ઘી હોમવું. ભોળા રાજાનો કોપ. અબ-ધુતને દેશનિકાલની સજા. કુંવરીની સમજાવટ. ટેબ્લો.

પ્રવેશ ૬—ગોટાળા ઉપર દીલગીરી દર્શાવતા વર્ણશંકરદાસ. સલાહ માટે મી. ભાજીપાલાને મળવા જવું. ભેંસાસુરનું આવવું અને અરવિન્દા સાથે નાસી જવાની પેરવી. રમણીકનું (ચપળાના વેશમાં) આવવું; ભેંસાસુરે (રમણીકને) અરવિન્દા ધારી પ્રેમ કરી નાસી જવા તાલમેલ કરવી. રમણીકનું ભેંસાસુરને બનાવવો; ઘોડો બનાવી હંટર મારવા. ત્યાં અરવિન્દાનું આવવું. ભેંસાસુરનું ભાગી જવું. મારામાર. રમણીકનું ખુલ્લા પડવું. ચપળાનું રમણીકની શોધમાં આવી પ્હોંચવું. રમણીકના હાથમાં અરવિન્દાને જોઇ ગુસ્સે થવું, બેહોશીમાં ભેંસાસુરના હાથમાં ચપળાનું પડવું. વર્ણશંકરનું ભાજીપાલા સાથે નીકળવું. ગોટાળો જોઇ ચમકવું; ભુલામણીનો ભવાડો. ટેબ્લો.

પ્રવેશ ૭—જંગલમાં મારાઓ સાથે અબધુત જાલીમનું આવવું. અબધુતપર જુલમ અને મારવા તૈયારી. અબધુતનો કુંવરીથી બચાવ. જાલીમનું છટકી જવું. ટેબ્લો.

અંક ત્રીજો.

પ્રવેશ ૧—અશાંતીમાં રાજા વિજયસિંહ જાલમનું આવવું અને અબધુત સાથે કુંવરીના નાસી ગયાના સમાચાર કહેવા. રાજાનો દારૂણ ક્રોધ અને અબધુતને પકડવા જાલીમ સાથે જવું.

પ્રવેશ ૨—જંગલમાં મંગળ માનતા વિરલતા અને અબધુત. પ્રેમીઓનો પ્રેમ વિરલતા માટે પાણી લેવા અબધુતનું જવું; વિજયસિંહ અને જાલમનું આવવું. કુંવરીને કેદ કરી ઉપાડી જવી; જતાં જતાં પ્રપંચી જાલમે પોતાની કટાર સ્વપરાક્રમની તારીફ દાખલ નાંખતા જવું. અબધુતનું પાણી લઇ આવવું. કુંવરીની

શોધ. કટાર જડવી. વૈરનો વધારો. પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ક્રોધાવેશ × × × ×

પ્રવેશ ૩—મી. બેંસાસુર બડક ભાગવાની તૈયારીમાં. વર્ણશંકરનું આવવું. ઘરની વ્યવસ્થા સંબંધી તપાસ. નોકરપર હદ બહારના વિશ્વાસ સારૂ વર્ણશંકરનો અફસોસ. જાતે ચોપડા તપાસવા જવું. અરવિન્દાનું આવવું; અને બેંસાસુર સાથે ભાગી જવું. સુધારાપર તિરસ્કાર દર્શાવતા રમણીકનું ચપળાના લેબાસમાં આવવું. વર્ણશંકરનું આવવું. બનાવટી ચપળાએ બડક સાથે અરવિન્દા નાસી ગઇ એવી ખબર આપવી. પીડા ટળી માની વર્ણશંકરનો આનંદ. ચપળા સાથે પ્રેમ કરવો. રમણીકનું ખુલ્લા પડવું. વર્ણશંકરનો રમણીકપર કોપ. રમણીકે બાપની આંખો ઉઘાડી આપવી. ભાઇપાલાનું આવવું. કન્યા વિક્રય માટે તિરસ્કાર. ગોટાળા માટે ખેદ. વર્ણશંકર અને ભાઇપાલાનો સુધારા અને ફેશન માટે પસ્તાવો. ચપળા રમણીકનાં લગ્ન. વર્ણશંકર અને ભાઇપાલાની મુબારકબાદી.

પ્રવેશ ૪—કુંવરી અને જાલમના લગ્નની તૈયારી. કુંવરીને છેવટની સમજાવટ. કુંવરીની સખત હઠ. બળાત્કારે ચોરીમાં બેસાડવા રાજાનો હુકમ. લગ્નના ગીત સાથે જાલમનું રાજગોર સાથે વરરાજા બની નીકળવું. લગ્નની તૈયારી. અચાનક અબધુતનું પ્રગટ થવું. જાલીમસિંહનું ખુન. ખુનીના ખુનથી માતપિતાના વૈરનું તર્પણ કરી પ્રતિજ્ઞા પૂર્ણ કરવી. સ્વર્ગસ્થ માતપિતાના રૂહનું પ્રગટ થવું. પુત્રને આશિર્વાદ અને સત્ય હકીકત જાહેર કરવી. વિજયસિંહનો પસ્તાવો. ક્ષમા માગવી. વિરકેતુ અને વિરલતાનાં લગ્ન. ખુશાલી. અને છેવટનો આનંદ.

૫૨૯-૦

॥ श्री शान्तिनाथाय नमः ॥

'પ્રતિજ્ઞા' નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સૂત્રધાર— ૧

શાંતીદાતા જય જગ ત્રાતા,
મુનીજન ધ્યાતા નવ નવ થાતા. શાંતી૦
કંઈક ખીલાતા કંઈક કરમાતા,
તુજ ગુણ ગાતા ઉર હરખાતા. શાંતી૦
સમીર સુહાતા અહીં તહીં વ્હાતા,
વિનય વિધાતા વિશ્વ સમાતા. શાંતી૦

નટીઓ— ૨

હાંરે સુણો શાણા નરનારી શીખામણ આ સારી,
"બોલ બોલેલા સર્વે નીભાવજો."
ક્રોધ અંતરનો અંદર સમાવજો,
ગયો પાછો નહીં આવે દાવજો. હાંરે૦
નીત્ય વિશ્વ વિભુથી ડરી ચાલવું,
દીન દુઃખીને મુઠી મળ્યું આલવું.
મોહ મારો હંમેશ; ભજી ભાવે પરમેશ.
ખરેખરૂં ભવ સાગર તરવાનું આ નાવજો. હાંરે૦

બ્રાહ્મણ-છોકરી— ૩

દયા દીલમાં દીનની દાઝે દેખી દીનને દેતા દાન,
ધીર ધરીને ધર્મ ધારતા ધન્ય ધરામાંહી ધનવાન;
ટેલીઆ ભટની ટેલ છે દાતારને મન સ્હેલ છે:
સંત સરિતા સમીર મેઘ તો સદા કરંતા પર ઉપકાર,
પ્રીત ધરી પરમારથ કરતા ધરતા ઉરમાં નહીં અહંકાર;
ટેલીઆ ભટની ટેલ છે દાતારને મન સ્હેલ છે.

અરવિન્દા:— ૪

જાયે ફેશનમાં આ જુવાની (૨)
હાયે ડીઅરમાં હું થવાની દીવાની દીવાની,
નખરે નચાવાની-બસ સુધરી જવાની. જાયે૦
નવીન રંગે નવીન સંગે નવિનમાં નિત્યે ફરૂં
ચટકે ચતુરના ચિત ચોરી લ્હેર બ્યુટીમાં કરૂં
વેરી વેલ યસનો કરવાની મઝા મારૂ જમાનાની. જાયે૦

અરવિન્દા અને વર્ણસંકર—૫

આવો અલબેલા વ્હાલા, લોભાણી લટકે લાલા
રસિક મારા રસરાજ વારી જાઉં. આવો૦
ચકોરી સુખની શાળા મધુરી મનની માળા
ચતુરા ચિતની હરનાર સુખી થાઉં. આવો૦
મોહી મોહી દીલજાન, મારો શું નેણોનાં બાણુ
વ્હારે રંગીલી છબીલી સુખખાણુ. આવો૦
સુંદર સુરત સારી, જીગર હરત પ્યારી;
હઠીલા હવે હું હારી, વ્હારે વ્હાલી બલિહારી. આવો૦

અરવિન્દા-ભેંસાસુર—　૬　ડેન્સ.

વેલકમઓન કમઓન લેડી (૨)
ઓલ આર રેડી ટુ ફોલો યોર વે
નો ઈન યોર માઈન્ડ વર્ડ ઇઝ ફૂલ
લેટમી સે લેટ મી સે.　　　　　વેલ૦
ટુ એબોલીશ બેડ કસ્ટમસ
વી હેવ ટેકન ધીસ સીસ્ટમ
છે વ્હેમી સઘળા હિન્દુ, નહીં સેન્સ તણું એક બિન્દુ
તે માટે આઈ નિન્દુ, હાઉમેડ ધે હાઉમેડ ધે. વેલ૦
સીંગ આ સોંગ ફોર જોય (૪)
કમઓન કમઓન કમઓન માય ટોય
હીપ હુરરરા હુરરરા હુરરરરા.　　　　　વેલ૦

અબધુત:—　૭.

વિભુ ત્હારી કંઇ કળા તો માનવથી ના કળાતી,
તું ભેદી નહિ ભળાતો માનવથી૦
અખુટ ખજાનો તાહ્રારો છે, ઓ! જગના જદુરાય
આપેલું તે તું આપે છે કેમ વધુ લેવાય;
તું ભેદી નહીં ભળાતો-માનવથી-　　　　　વિભુ૦
ગજ કાતર લઈ તું બેઠો છે, ન્યાય તણો સરદાર,
તસુ તસુ લઈ તું વેતરતો માર ભલે ઉગાર
તું ભેદી નહીં ભળાતો-માનવથી-　　　　　વિભુ૦

વિરલતા—　૮.

સખીરી શાણી અંગ અનંગ સતાવે,
તનખ તનખ આ તનડુ થાયે છે;

કહે ક્યાં શાન્તિ પામું ? સખીરી૦
અજબ ગજબ અવનવી આ અગન,
વન ઉપવન ફરૂં ત્હોય તાવી નાંખે તન;
પુષ્પ સુવાસ સુહાવે, નજર નહિ આવે,
કોણ બચાવે ? તનખ–સખીરી૦

વિરલતા—સખી— ૯

અહો એ લટક મટકતી ચાલ ચતુરની જોઇ હરખાઉં,
પળે પળ પાણી થઇ જાઉં,
સ્નેહ તણા કાચા સુતર તાંતણીએ ખેંચાઉં. અહો૦
(અલી જોજે,)
સરીતા સાગરમાં ભળું વ્હેલી,
પ્રીય તરૂને વીંટળાઈ હું વેલી;
શાંત સખી થાતી નહિ ઘેલી,
ઉભા રહો અલબેલા, ઉરમાં વશેલા છેલા,
સખી એ છે અંતર મેલા. સ્નેહ–અહો૦

વિરલતા— ૧૦

કુણુ કાળજુ આ નયન કટારે વ્હાલો વિંધતો,
આ કામણગારો કુસુમ કળી તરછોડી શું જતો ?
ભમરા તું હઇઆ હાર,
દીલદાર મુકી પ્યાર. ના તુ ઠગતો૦ કુણુ૦
નવ નવ પલ્લવ ત્યાં ખીલ્યા,
નથી અમીરસ ઝરણાં ઝીલ્યાં;

રસીલા રસીલી રસ ઝરતાં ઉર અકળાયે,
રડી લળી લળી પડતી પાયે,
રંગે રંગાવા ચાહે. —ભમરા— કુણું૦

ચપળા— ૧૧

જમાનો આવીયો કળજુગ જુલમ શું કરે,
ધરમને ખાય છે કળજુગ જુલમ શું કરે;
ન્યાયીને મારતો કળજુગ જુલમ શું કરે,
પાપીને તારતો કળજુગ જુલમ શું કરે.
પાલક થઇ ઘાતક પોતે થાતા, ફળને વૃક્ષ ખાતા;
નેવ ભૂ મોભે જાતાં, બાળને મારે માતા.
ધરા ભાર કયમ ધરે. જમાનો૦
પાળી પોષી પ્રીતથી, કરે કસાઇનું કામ;
સ્વાર્થ છુરો ઉરમાં ધરી, ધીઃક લજાવે નામ. જમાનો.

ચપળા-રમણિક— ૧૨

મીઠી મુખડાની માયામાં મોહી મોહન, (૨)
સુંદર બદન મદન સદન લાગે લલિત લોચન. મીઠી.
પ્રીતીની ભુરકી નાંખી ભમાવી,
ભામની ભોળી ને વાહ
હું અરરર આ શું
વરત વાઢી કુવે ઉતારી (૨)
જો જો ઠગારા મુકો વિસારી (૨)
હારે રસિલી રંગીલી તુ છે મારૂ તન મન. મીઠી૦

બધા— ૧૩

બુઢ્ઢો પરણીને જાયે બાળકી વાગે છે ડંકા,
પૈસા આપીને પરણ્યો લાડકી લુંટી છે લંકા;
પત્થર સાથે રત્ન પછાડીયું,
થાશે જગ ડંકા.
કાજળ ને કંકુ એકજ થઇ ગયું લુંટી છે લંકા—બુઢ્ઢો૦

ટેબ્લો.

અંક બીજો.

વિરલતા— ૧૪

લગની લગાડી લાલે લટકે લોભાવીરે લટકે લોભાવીરે
ચેટકથી ચિતડુ ચોરી ચતુરે ચુકાવીરે
અંગારાનો ચાતક જાણે સ્વાદ
પતંગનો કોઇ કરે નહિ વાદ લગની૦
અવનીમાં અંતરતણી અંતર વરતે વાત
અંતર અંતરમાં પડે અંતરનો આઘાત. લગની૦
કથા કોને કર્મતણી કહેવાય
કુવાની છાંય કુવાની માંહ્ય લગની૦
મનની બધી મનમાં રહે તનની તનમાં સમાય
મુંગે ખાધો ગોળ તે સ્વાદ હૃદય સમજાય
પ્રીતડી પ્રેમી થકી પરખાય
હીરાનું મૂલ ઝવેરીથી થાય લગની૦

વિરહતા— ૧૫

રસભોગી રસિયા રસિક પ્રીતને બાંધી જાણજો
સ્નેહી મન સાથે સ્નેહ સાંધતાં સાંધી જાણજો
સ્વારથના થાશો ન સંગી દીલના રહેજો ઉમંગી
રસિક પ્રીત બાંધી જાણજો. રસભોગી૦
પ્રીતી છે પારસમણી જગમાં મણીધર શિર સોહાય
સ્વાર્થજીવન કોરે કરંતા ભાગ્યે પ્રાપ્ત તે થાય
રંગે રંગી નારંગી દુનિયા કહેશે ના રંગી
રસીક પ્રીત બાંધી જાણજો. . રસભોગી૦

વિરહતા-અબધુત— ૧૬

પ્રીત પાન કર્યું તે કર્યું રસીલી, કેમ ભૂલ્યું ભુલાય
કળી કળી ભમનારો ભ્રમર રખે, કંઈ કમળમહી
ગુંથાય. પ્રીત૦
પામી પરાગ ભ્રમર નહિ નાસે
સ્થીર થઇ બેસે સુખ આશે
ખીલ્યું કમળ કાલે કરમાશે
એજ વિચારે ભ્રમર વિમાસે
ચંચળ જાત ભ્રમરની પ્યારા કાંઇ નહીં કહેવાય. પ્રીત૦
હું નહીં, એ નહીં, ના નહીં. પ્રીત૦

વિરહતા-અબધુત ૧૭

સુંદર વર સ્હાય શામળીઆરે,
પ્રીતે પળજો પાતળીઆ,
મનહર મધુરી મુજને મળી આ
વિસરે ન વચન વ્હાલી આ,

ભીતર ભેદુ ભાગ્ય ભૂવનમાં ભગવત ભમરી ભમતી,
કરજો કીંકર પર કરૂણા કરૂં કંથ કાય કામળીઆ રે.
કામીની કંકણુ કાચ છે નંદાતા નહીં વાર,
નાથ નભાવે નેહમાં નારી નર શૃંગાર. -સુંદર૦-

અરવિંદા-ભેંસાસુર— ૧૮

એજી ચાલો ચલાવો રંગેથી રંગીલા હો વ્હેલા,
રંગીલા હો વ્હેલા છબીલા છો છેલા (૨) એજી૦
અમન ચમન કરી મોઝ મઝા માણીશું,
જુવાની છે ચાર દીન રંગ રાગ જાણીશું;
તમે ભમર કમળ રસ રાગી (૨)
પ્રીત પૂર્વ જન્મની જાગી (૨)
લટકાળી લલિત રસવેલી (૨)
હું અજાણુ અબળા ઘેલી (૨)
વાહ વાહ સલુણી, અહા સલુણી. એજી૦

વર્ણુશંકર-ચપળા— ૧૯

રંગે રીઝાવો રસીલો રસીલી.
પ્યાલો પ્રીતીનો પાઓને પ્રેમીલી. ઓહો રંગે૦
આતુર અલબેલી વ્હાલી, શાને તલસાવો ઠાલી.
ચાળા ચતુર જાણ્યા, શાણા શું થાઓ કાલા.
તારો હું તો દીલદાર
ઉંહું ખસો ધુતારા આ વાર
ઉરે ધારૂં ન ધીર, મ્હારા હૈઆના હીર
તાકી મારો ન તીર, ચઢી છંદે છબીલા છબીલી૦ ઓહો રંગે૦

લુંટારાઓ— ૨૦

ઉડાવો બસ રંગ, ધરી ઉરે ઉમંગ, સૌ મળીને સંગ,
કરો અમન ચમન પીઓ રંગ બસ રંગ.

દારૂ છે ઘરનો પ્યાલી પરાઈ (૨)
પ્રીતે પીઓને ખૂબ આવે છે લાલી, ચઢાવો એ ગંગ.
ઉડાવો૦

સુસ્તી મટાડે બદનની મસ્તી મચાવે રંગમાં
દુખડાં કરે દુર દીલના દુનીઆ દેખાડી રંગમાં
ઉમરાવ ઉરના આશકો ઝુલે જુવાની રંગમાં,
દીલદારને દીલબર બિરાદર સૌ ફરે બસ રંગમાં ઉડાવો૦

લુંટારાઓ— ૨૧

ખુની થઇને ખુનીને મારો કરે ધરી હથીઆર
જહીં છુપાયો તહીંથી કાઢી અરીને મારો ઠાર
શિયાળ શાણા તું સિંહની સામે લઢતાં પામીશ હાર,
ચળક ચળકતી મ્યાને ચમકે શુરાની આ તલવાર.
નહીં જવા દો હવે અરિને શોધી નાંખો મારી,
કડુ ઝ્હેર લ્યો નથી પડી કાંઈ અમને પરવા ત્હારી;
નહીં જવા દો હવે અરિને શોધી નાંખો મારી.
ઝ્હેર વાળો ત્યાં શાન્તી છે.

અબધુત— ૨૨

શોધી શત્રુને શાંત કરૂં સમશેર,
કરી કાળો કેર, જઈ લઉં બસ ઝ્હેર. શોધી૦

ઉલટ સુલટ કરૂં ધરણી બળથી,
છોડીશ નહીં છટકીશ જો છળથી;
પકડી પટકું ફરીને ચોમેર. શોધી૦

વિરહલતા— ૨૩

ચિન્તા અને દુઃખથી ભરી સુખ સાહ્યબી સુખ કાપતી,
શાન્તી અને નીતી ભરી ગરીબાઈ ગુણને આપતી
મંગળ કરે એ ઝુપડી જ્યાં અંશ નહીં અભિમાનનો,
મદથી ભર્યાં એ મ્હેલમાં વિનાશ નીતિ જ્ઞાનનો.
માનીશ એ મન મોહન સંગ, સુખ સાચું ધરી ઉમંગ,
રાજ સુખ ક્ષણીક રંગ માનો તાત પ્રીતથી;
વિના વિચારે આપી દોષ, નાહક રગડો નિર્દોષ,
સત્ય માની મુકો રોષ, ન્યાય નીતી રીતથી.

ભેંસાસુર–ચપળા (રમણીક)—૨૪

એજી ઇશ્કના ટટ્ટુ કદમ ભર ચાલ હટ હટ હટ,
જરા ધીમે ધીમે માર હન્ટર અરે છટ છટ છટ
જાત કજાત ઇશક નહીં જુએ થાય થુ થુ થુ
તુટી ખાટમાં ઉંઘતોજ સૂએ અરે તુ તુ તુ
કહે ગરજી ગરધવ બાપ સ્વાર્થ ઉર ધારી
ખાય ભાખરી સુકી ભૂખ્યો વખતને વિચારી,
આ શીકલ સારી, છે નક્કલ પ્યારી.
શુ અક્કલ તારી,
ઈશ્ક અંધોને દુનિઆ દીવાલ ખર ચાલ હટહટહટ એજી૦

અબધુત— ૨૫

દીન બન્ધુ દીનાનાથ, દયા સિન્ધુ હું અનાથ;
નાથ મારી તુજ હાથ, વન્દુ વિભુ વાર વાર. દીન૦
વિશ્વસાર વિશ્વતાર, વિશ્વમાર વિશ્વાધાર;
વિનવું વિભુ હે સ્વયંભૂ, શરણ ત્હારે તાર તાર. દીન૦

ટેબ્લો.

અંક ત્રીજો.

ફુંચનીઓ— ૨૬

જલ ભરવા જમના તીરે
શીરે ગગરિઆં લે ના જઈઓરે૦-જલ૦
આવે કનાઇ ડારે કંકરીયાં
મેરી ભીંજત ચુંદરીયાં—ગગરીયાં૦—જલ૦
શ્યામ સુંદર મદન મોહન, કર ઠઠોરી ચિત હરે
મનકી બીતી મનમાં રહે, મુજ નયન નટવર પર ઠરે. આવે૦

વીરલતા-અબધુત— ૨૭

પિયુ પાતળીઆ પુજું પાવલીઆ
મારા સુરત ભુવનના છો શામળીઆ પિયુ૦
પ્રીતિ વચનની વાંસળી વાગી, હૃદય દ્રઢ લાગી
તરત હું તો જાગી
(ન સમજ્યા એ તો પ્રેમની નિશાની)
(ત્યારે આ પ્રેમીને નિશાની શાની)
કાયાની કામળીઆ, પ્રીતિની પામરીઆ
સ્વીકારો શામળીઆ, સોંપુ છું સ્નેહથી આ પિયુ૦
સકળ સંસારમાં એક સારમાં તું સાર મ્હારે
જુઓ દીલદારના દેદાર રંસીલા હારમાંરે
(આ હારમાં હુંજ, હા વ્હાલા ચંદ્ર તમેજ)
પામી પ્રીય રાજ ચતુર ચંદ્ર એક ભુવનમાંરે
ચતુરા ચંદ્રીકા તુજ કાન્તી શાન્તી ચિત્ત ઠારે. પિયુ૦

અબધુત-કુંવરી— ૨૮

દુઃખ દુઃખ શું વદો જગતમાં દુઃખ દોહ્યલું મળે,
કાયા માયા કયાં છે જુદી જીવ જીવનમાં ભળે;
દુઃખ છે મીઠી સુખ છાયા શાંતી માને તેમાં ડાહ્યા,
પાણીના પરપોટા સમ સુખ સુંદર જોતાં ભાસે;
ઝાકળ બિન્દુ મોતી જેવું જુઓ ચળકતું ઘાસે,
પલકમાં જોતાં થાય વિનાશ સમજી કરો સુખનો કયાસ.
ચઢતી પડતી ધરી અનાદી ઘડી ઘડીમાં ફરતી,
માનવ જીવન રથનાં પૈડાં તાપ છાંય લ્યો વરતી.
પડે જે માથે કારમું દુઃખ માનવું તેને સાચું સુખ,
માયા મમતા ધરીને મનમાં કરે સુખ અભિમાન;
છકીને છતમાં ધન મદ ધરતાં એ નર નહીં નાદાન,
ખરે જેમ પીંપળ પરથી પાન ભટકતા ભૂમીપર જેમ શ્વાન.

વીરલતા— ૨૯

ચરણુ કમળની હું તો દાસીરે
દાસી હું તો દાસીની દાસી (૨)
એ અલબેલા-હૃદય વસેલા (૨)
આપી રીઝયો-હે અવિનાશીરે. દાસી-ચરણુ૦
આ જનમારો-સફળ થનારો
આવી ઉગારો-પ્રેમની પ્યાસીરે પ્યાસી હું તો. ચરણુ૦
આ જંગલમાં મંગલ મ્હારે
નાથ વસે ત્યાં મુજ મન કાશીરે. કાશી હું તો. ચરણુ૦

અબધુત— ૩૦

નટવર ન્યારી લીલા ત્હારી
નિગમ વન્દે નેતી નેતી
અગમ અકળ બલિહારી. નટવર૦

એક દીન ઠાકર ફરતા થઈ ચાકર
ખાતા જે સાકર સાંસા છે ભાખર
વસત મહેલે ફરતા વેરાને
નામે શિર હારી. નટવર૦

બધા— ૩૧

ભેદ આજ ભાવિનો ભાગી જતા
રંગ ઉર આનંદનો છાઈ રહ્યો
ચંપાથી ચંબેલી એકજ થતા
રસ પ્રીતીનો અખંડ જામી ગયો
સુખને પામો દુઃખને વામો
ઈશ કૃપાથી વૃક્ષે વીંટાતી લતા. રંગ૦
હમ્બગ જમાનો હમ્બગ સુધારો
હમ્બગ પોઝીશન તોબા તોબા
અજબ ગોટાળો ગજબ ભવાડો
આવ્યો આ દહાડો તોબા તોબા. ભેદ૦

વીરલતા— ૩૨

કમળ વિના ક્યમ ચાલે મધુકર, શીદ ગયો તું ઉડી
જનમારાનાં આપણ સંગી, સારસ જોડી રૂડી મધુકર૦
સમીર સપાટે હાલી હા—ના, કરવાની રીત કુડી
મ્હારી મ્હારા ભ્રમર ભુલી જા, કરગરી કહે તુંજ લુંડી. મધુ૦
બાંહ્ય ધર્યાની લાજ તને છે, ન્હોંચ મને નથી ઉંડી
જળમાં ઉછરેલી હું તું વીણુ, જળમાં જાતી બુડી, મધુકર૦

કુંવરી— ૩૩

વ્હાલા વળજો વેગે વ્હેલા વનમાળી,
તારે પારે આવી ત્રીકમ દેશો ન તાળી. વ્હાલા૦

ઉલટી દુનિઆ પલટયા સ્નેહી (૨)
વ્હેરી બનીને વ્હેરજ વાળે, વ્હાર કરો હરી મારી. વ્હાલ
માધવ મધ્ય દરીયે પડી, માછલી માંછી હાથ,
તારો કે મારો મને, નોંધારાના નાથ. વ્હાલા૦

ગાનારીઓ— ૩૪

આજે આનંદ મંગળ ગાવોરે
વ્હાલે વરને વ્હાલી સૌ વધાવોરે આજે૦
ઉગ્યો સુરજ સોના તણો, અમૃત ઘડી સોહામણી
સાકર તણા ખરતા કરા, વૃષ્ટિજ થાતી પયતણી
વિવાહ વિગતેથી માંડયો છે આવોરે
લ્યોને લાખેણો લગનનો લ્હાવોરે આજે૦
મોતી તણા તોરણ ભર્યાં, કંકુ પૂર્યાં છે સાથીઆ
ડંકા થયા વિજય તણા, સાજન મ્હાલે હાથીઆ—આજે૦

બધા— ૩૫

વિજય વિજય પામો જગમાં,
નેકી ટેકીનો ખચીત
ઉદય સત્યનો અસ્ત અસત્યનો;
થતો નિયમ એ નિત. વિજય૦
જેવી રહેણી કહેણી જનની તેવી,
પડત છાપ જગતમાંહિ
પરમ ચિત્તે ધારી ફરજને
કરોને પ્રીત. વિજય૦

સમાપ્ત.